---

**ખંભાલીયાના મહે. એડી. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ ની કોર્ટમાં,**
**મુકામ– ખંભાલીયા, જિ.દેવભૂમિ ધ્વારકા.**

---

**–:: આંક–૧ નીચે હુકમ ::–**

---

**<u>ફરીયાદી</u> :**

ધી સ્ટેટ ઓફ ગુજરાત

<u>વિરુધ્ધ</u>

**<u>આરોપીઓ</u> :**

(૧) હમીદ હારૂનભાઈ ભાયા,
(૨) મુસા સાલેમામદ ભગાડ.

---

**બચાવપક્ષ તરફે વિ.વકીલ શ્રી. ડી.વી.સાયાણી**

---

**ગુન્હો:– જુગારધારા કલમ–૧૨ મુજબ**

---

(૧) ફરીયાદપક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓઓએ ચાર્જશીટના કોલમ નં–૫ માં જણાવેલ સમયે અને સ્થળે જાહેર જગ્યામાં ત્રણપતી નામનો જુગાર રમી પૈસાની હારજીત કરતાં મુદ્દામાલ સાથે રેડ દરમીયાન સ્થળ પર પકડાઈ જઈ, આરોપીઓ સામે જુગારધારા કલમ– ૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો રજી. કરી, તપાસ અર્થે કાયદા મુજબની કાર્યવાહી કરી, તપાસ પુર્ણ કરી, તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પૂરતો પુરાવા હોઈ, ખંભાલીયા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલુ .

(૨) આ કામે આરોપીઓને સમન્સ કરતા, આરોપીઓ હાજર થતા, આરોપીઓ સામે ફરીયાદના સંદર્ભમાં ગુના અંગે આરોપીઓની પ્લી લેવામાં

આવતાં, આરોપીઓ એ તેમાં જણાવ્યા મુજબ ગુનાનો સ્વેચ્છાપુર્વક સ્વીકાર કરેલ છે અને ગુનાની સ્વેચ્છાપુર્વક કબુલાત પુરશીશ તેઓની સહી થી રજુ કરેલ છે.

(૩) આરોપીઓ ધ્વારા ગુનાનો સ્વીકાર કર્યા બાદ, તેઓએ તથા તેમના વિ.વ.શ્રી.એ મૌખીકમાં એવી દલીલ કરેલ છે કે, તેઓ મજુરીયાત વર્ગના માણસ છે, તેમજે પરીવારની જવાબદારી તેઓની ઉપર છે અને આ તેમનો પ્રથમ વખતનો ગુનો છે જેથી તેઓની ઉપર રહેમનજર રાખવા અરજ કરેલ છે. તેઓના વી.વ.શ્રી. દવારા આરોપીઓનો આ પ્રથમવખત નો ગુનો હોવાનું જણાવી તેઓને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા અરજ કરેલ છે.

(૪) કોર્ટ ધ્વારા આરોપીઓને પુછવામાં આવેલ છે કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છીકરીતે ગુનો કબુલ કરતાં હોવાનું જણાવેલ છે અને તેઓની ઉપર આ તેમનો પ્રથમ વખતનો ગુનો હોઈ રહેમનજર રાખવા અને કાયદામા ઠરાવેલ સજા કરતા પણ ન્યુનતમ સજા કરવા અરજ કરેલ છે અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો નહી થાય તેની બાંહેધરી આપેલ છે.

(૫) આરોપીઓ સામે જુગારધારા કલમ–૧૨, મુજબના ગુન્હાનું તહોમત છે, જે ગુનાની કાયદાકીય જોગવાઈ તથા સજાની જોગવાઈ ધ્યાને લેવામાં આવેલ છે.આરોપીઓની આ ગુનાના કામે પ્લી લેવામાં આવતા તેઓએ તેમાં ગુનો કબુલ હોવાનું જણાવેલ છે તેમજ તેઓના વિ.વ.શ્રી. દવારા મૌખીકમાં આરોપીઓ ગરીબ અને મજુરીયાત વર્ગનો માણસ હોવાનુ જણાવેલ છે તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે તેમજ ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહીં કરવાની ખાત્રી આપે છે તેમજ તેમનો આ પ્રથમ ગુન્હો હોવાનું જણાઈ આવતુ હોઈ અને જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન

મોભાભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ હોઈ, તે સંજોગોમાં તેમને કાયદામાં જણાવેલ ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચિત જણાઈ આવે છે.

(૬) નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરિચંદ્રજી ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે અને સદરહું ચુકાદાના પાન નં.૭૨૧ ઉપર પેરા–૨૧ માં કારણો જણાવેલ છે તે ધ્યાને લેતાં ઉપરોકત ચુકાદો આરોપીઓના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીઓની સ્થિતિ અને સં જોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનત્તમ સજા કરતાં ઓછી સજા કરવા માટેના વાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે.તેથી કાયદામાં ઠરાવેલ ન્યુનતમ સજા તથા દંડ કરતા પણ ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેવુ આ કોર્ટ માને છે અને સજા અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## –: હુકમ :–

- તમામ આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૫ અન્વયે જુગારધારા કલમ–૧૨ મુજબના ગુન્હામાં તકસીરવાર ઠરાવી **દરેક આરોપીને રૂા.૩૦૦/–(અંકે રૂપીયા ત્રણસો પુરા)** નો **અલગ અલગ દંડ** કરવાનો હુકમ કરવામાં આવે છે.

- જો આરોપીઓ ઉપરોકત ગુનામાં દંડ ન ભરે તો દિન–૦૫ (પાંચ) લેખે સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

- કબજે લીધેલ જુગાર અંગેનું સાહીત્ય ગંજી પાનાનો મુદ્દામાલનો અપીલ સમય વીત્યે નાશ કરવાનો તથા રોકડ રકમ રાજ્ય સાત કરવાનો હુકમ કરવામાં આવે છે તથા કબજે લીધેલ અન્ય મુદામાલ અન્વયે અગાઉનો વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવે છે. જો કોઈ મુદ્દામાલ અન્વયે કોઈ હુકમ ન થયેલ હોય તો, મુદ્દામાલ માલીકે મુદ્દામાલ પરત મેળવવા માલીકી અંગેના દસ્તાવેજ લાગતા વળગતા પો.સ્ટે.માં રજુ કરી મુદ્દામાલ પરત મેળવવા હુકમ થયેથી દિન–૩૦ માં કાર્યવાહી કરવી, જો સમય મર્યાદામાં મુદ્દામાલ પરત મેળવવા કાર્યવાહી ન થાય તો ક્રીમીનલ મેન્યુઅલ મુજબ તે સમય પુરો થયેથી મુદ્દામાલનું વેચાણ કરી મળી આવતી રકમ રાજ્ય સાત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ **તા.૧૪,** માહે–**માર્ચ,** સને **૨૦૨૬,** ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તા.૧૪–૦૩–૨૦૨૬**
સ્થળ : ખંભાળીયા.

**( ધ્રુવરાજસિંહ બી. ચૌહાન )**
એડી.જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
મુ.ખંભાળીયા. જી.દેવભુમી દવારકા,
**જી.જે.૦૧૭૩૨.**